# જિલ્લા શિક્ષણાધિકારીકચેરી, સુરત


એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email*suratdeo@gmail.com***


જા.નં./બોર્ડ પરીક્ષા/૨૦૨૨/ ૧૯૪૨૬ તા.૦૩/૧૦/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

યાદી મુજબની તમામ શાળાઓ,

સુરત.

**વિષય:** માર્ચ-૨૦૨૩માર્ચ-૨૦૨૩ની ધો.૧૦/ધો.૧૨ની પરીક્ષાની આગોતરી તૈયારીની સમીક્ષા બેઠકમાં હાજર રહેવા બાબત.

**સંદર્ભ:** નિયામકશ્રી, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્ર:મઉમશબ/માધ્યમિક/૨૦૨૨/૩૯૧ તા.૩૦/૦૯/૨૦૨૨

ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૨૩ બોર્ડ પરીક્ષાની તૈયારીના ભાગરૂપે સમીક્ષા બેઠકનું આયોજન કરેલ છે. જેમા આ સાથેની યાદીમાં દર્શાવેલ શાળાઓ સંદર્ભપત્રમાં જણાવેલ મુદ્દા નં.૫માં ૦ થી ૫% પરિણામ ધરાવતી શાળાઓમાં અને સામાન્ય પ્રવાહમાં ૩૦%થી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓમાં સમાવિષ્ટ હોય આ શાળાઓના આચાર્યશ્રીઓને તા.૦૬/૧૦/૨૦૨૨ને ગુરૂવારના રોજ ગુ.મા.ઉ.મા.બોર્ડ કચેરી, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે અચુક હાજર રહેવા આથી જણાવવામાં આવે છે. આ સમીક્ષા બેઠકમાં આચાર્ય હાજર રહેશે નહી અને જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપુર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

**Surat 0 To 5% Result for schools**

| Sr. No | District Name | School No | School Name | School Address | School Contactno | Appeared | Pass | Result Per |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | SURAT | 68.0008 | N G JHAVERI JAIN HIGH SCHOOL | GOPIPURA NR AGAM MANDIR SURAT SURAT DIST - SURAT | 9662225156 | 31 | 0 | 0 |
| 2 | SURAT | 68.0013 | SALABATPURA HIGH SCHOOL | GOPIPURA SURAT HANUMAN CHAR RASTA SURAT DIST - SURAT | 9824748114 | 70 | 0 | 0 |
| 3 | SURAT | 68.0514 | RANUJADHAM HIGH SCHOOL | PUNAGAM DIST-SURAT PUNAGAM TAL CHORYASHI DIST - SURAT | 9099837037 | 2 | 0 | 0 |

District Education Officer
Surat. Dist. Surat.

(Hearing year) Result below (30%

## GENERAL MARCH 2022 SCHOOL RESULT REPORT (30%)

| SR NO | DIST_CD | SCHL_CD | SCHL_NM | SCHL_TYPE | COUNT | APP | PASS | %age |
|---|---|---|---|---|---|---|---|---|
| 41 | 18 | 478 | RAMESHWAR MADHYAMIK AND UCHATAR MADHYAMIK SHALA | Self – Financed | 7 | 7 | 1 | 14.29 |
| 42 | 18 | 603 | ORION WORLD SCHOOL | Self – Financed | 1 | 1 | 0 | 0.00 |
| 43 | 18 | 640 | RATNASAGAR VIDYALAYA | Self – Financed | 1 | 1 | 0 | 0.00 |

District Education Officer
Surat. Dist. Surat.

## SCIENCE MARCH 2022 SCHOOL WISE RESULT (0% TO 05%)

| SR NO | DISTCD | SCHLCD | SCHLNM | SCH_CAT | COUNT | APP | PASS | %age |
|---|---|---|---|---|---|---|---|---|
| 1315 | 18 | 417 | CHIRAG VIDYASANKUL, KIM | Self – Financed | 4 | 4 | 0 | 0.00 |

District Education Officer
Surat. Dist. Surat

## SCIENCE MARCH 2022 SCHOOL WISE RESULT (06% TO .30%)

| SR NO | DIST CD | SCHL CD | SCHLNM | SCH_CAT | COUNT | APP | PASS | %age |
|---|---|---|---|---|---|---|---|---|
| 1232 | 18 | 176 | SMT.V.D.N.SHAH SEC. & M.L.PATEL & | Self – Financed | 6 | 6 | 1 | 16.67 |
| 1291 | 18 | 336 | MOUNT ZION MISSION HR. SEC. SCHOOL | Self – Financed | 6 | 6 | 1 | 16.67 |
| 1320 | 18 | 472 | IQRAA GUJARATI HIGHER SECONDARY SCHOOL | Self – Financed | 9 | 9 | 2 | 22.22 |
| 1296 | 18 | 364 | MAULANA HUSEN AHEMADNI U MA.SHALA | Self – Financed | 8 | 8 | 2 | 25.00 |
| 1322 | 18 | 481 | SHARDAYATAN HINDI MADHYAMIK VIDHYALAY | Self – Financed | 24 | 24 | 6 | 25.00 |
| 1348 | 18 | 598 | MOUNT MARY MISSION HIGHSCHOOL. | Self – Financed | 16 | 16 | 4 | 25.00 |
| 1214 | 18 | 99 | SARVAJANIK HIGH SCHOOL | Grant-In-Aided | 42 | 41 | 11 | 26.83 |
| 1286 | 18 | 320 | ADARSH NIWASI SHALA, TARSADI | Government | 21 | 21 | 6 | 28.57 |
| 1325 | 18 | 498 | SHREE PATANJALI VIDYALAYA | Self – Financed | 7 | 7 | 2 | 28.57 |
| 1408 | 18 | 815 | IDEAL PUBLIC SCHOOL HINDI MEDIUM | Self – Financed | 7 | 7 | 2 | 28.57 |

District Education Officer
Surat. Dist. Surat.

મેઇલ માધ્યમે

પત્રકમાંક:-મઉમશબ/માધ્યમિક/2022/ 291
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેકટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-30/09/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
સુરત.

વિષય:- માર્ચ-2023ની ધો.10/ધો.12 પરીક્ષાની આગોતરી તૈયારી કરવા બાબતની સમીક્ષા બેઠક

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આગામી માર્ચ-2023ની પરીક્ષા અને પરિણામ અંતર્ગત જિલ્લાવાઇઝ બેઠકનું આયોજન કરવું તે બાબતે નોંધ પર માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપેલ છે. આ અન્વયે આપના જિલ્લાની રૂબરૂ સમીક્ષા બેઠક તા:-06/10/2022ને ગુરૂવારના રોજ આપશ્રી અને આપની કચેરીમાં પરીક્ષા સાથે સંકળાયેલ જવાબદારો જેમાં SSC / HSC ઝોનલ, મદદનીશ ઝોનલ, CCTV વ્યૂઇંગ નોડલ અધિકારી, શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષણ નિરીક્ષક અને SSCમાં 0 થી 05 અને HSCમાં 30 ટકાથી ઓછું પરિણામ મેળવનાર શાળાઓના જવાબદાર આચાર્યો સાથે બોર્ડ કચેરી ગાંધીનગર ખાતે સવારે 10:30 કલાક થી 13:30 કલાક સુધી સમીક્ષા બેઠક નીચે દર્શાવેલ તમામ સ્પષ્ટ વિગતો સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

1. જિલ્લામાં માર્ચ/એપ્રિલ-2022 પરીક્ષામાં ગેરરીતિના કેસ નોંધાયેલ છે તેવા કેન્દ્રોની સ્થાનિક કક્ષાની જવાબદાર પરિસ્થિતિઓ અને આગામી સમયે તેને રોકવા શું કાર્યવાહી કરી શકાય તેની સંપૂર્ણ માહિતી.
2. ગેરરીતિ બાબતે જિલ્લા કક્ષાએ CCTV વ્યૂઇંગ આધારિત બોર્ડને જણાવેલ કેસ અને થર્ડ પાર્ટી દ્વારા બોર્ડને મળેલ ડેટા સંબધિત થયેલ વ્યૂઇંગમાં આવેલ તફાવત બાબતે ચર્ચા કરવી.
3. માર્ચ/એપ્રિલ-2022માં ઉપયોગમાં લેવાયેલ બ્લોક-બિલ્ડિંગની માહિતી, કેન્દ્રમાં સમાવિષ્ટ શાળાઓની યાદી મોકલી આપવામાં આવે છે. જેમાં કેન્દ્રો-શાળા/કેન્દ્ર-કેન્દ્ર વચ્ચેનું અંતર તથા પરીક્ષા બિલ્ડિંગોની ભૌતિક સુવિધાઓની અધતન માહિતી સાથે જિલ્લા કક્ષાએથી રિપોર્ટ તૈયાર કરી રૂબરૂ સમીક્ષા કરવામાં આવશે.
4. માર્ચ/એપ્રિલ-2022માં જિલ્લા કક્ષાએ ઉપયોગમાં લેવાયેલ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની યાદી આ સાથે બીડેલ છે જે બાબતે આગામી સમયે તે અને તે સિવાયના મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની પસંદગી બાબતે ચર્ચા કરવામાં આવશે.
5. આપના જિલ્લામાં 0 થી 5 ટકા પરિણામ લાવનાર શાળાઓના આચાર્યશ્રીઓને તે જ સમયે રૂબરૂ સાંભળી પરિણામ સુધારણા બાબતે ચર્ચા કરી રોડમેપ તૈયાર કરવામાં આવશે.
6. માર્ચ-2023 પરીક્ષાઓમાં ગેરરીતિ વિહિન અને પરીક્ષા દરમ્યાન આવનાર મુશ્કેલીઓ વિશે અને સફળ આયોજન બાબતે ચર્ચા કરવી.

7. આપના જિલ્લાના કોઇ પરીક્ષા કેન્દ્રમાં 200થી ઓછી સંખ્યા અને બે થી ઓછી શાળાઓનો સમાવેશ થતો હોય તેવા કેન્દ્રોની માહિતી જિલ્લા કક્ષાએથી તૈયાર કરી લાવવાની રહેશે. તે પરીક્ષા કેન્દ્રોની બેઠક વ્યવસ્થા બાબતે રેન્ડમાઇઝેશન થાય તે બાબતની રૂબરૂ ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.

8. આપના જિલ્લામાં માર્ચ/એપ્રિલ-2022ના પરિણામમાં 20 ટકાથી વધારે ઉછાળો માર્ચ-2020ની સરખામણીએ આવ્યો હોય તેવી શાળાઓની અને કેન્દ્રોની માહિતી તૈયાર કરી લાવવાની રહેશે. જેથી કોઇ જગ્યાએ કોઇ પ્રકારની ગેરરીતિ થયેલ છે કે કેમ ? તેની નિષ્પક્ષ ચર્ચા કરી શકાય.

9. આપના જિલ્લામાં ગત વર્ષે નવા પરીક્ષા કેન્દ્રો મંજૂર થયેલ છે તેની સમીક્ષા કરીએ અને તેને આગામી વર્ષે ચાલુ રાખવા કે કેમ ? તે બાબતે રૂબરૂ ચર્ચા કરી નિર્ણય કરીએ.

10. આપના જિલ્લાના ગત વર્ષે ઉપયોગમાં લીધેલ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની સમીક્ષા કરી આવનાર વર્ષે નવા કે જિલ્લાની ભૌગોલિક પરીસ્થિતીને ધ્યાને લઇ ક્યાં રાખવા તે ચર્ચા નિર્ણય કરીએ.

11. આપના જિલ્લાની અપૂરતી સુવિધાવાળા પરીક્ષા કેન્દ્રો બાબતે વિસ્તૃત ચર્ચા કરી આગામી પરીક્ષામાં તેવા પરીક્ષા કેન્દ્રોની જગ્યાએ નવીન પરીક્ષા કેન્દ્રો તૈયાર કરવા કે કેન્દ્રોને મર્જ કરવા કે પછી નવીન ભૌતિક સુવિધાવાળી બિલ્ડિંગોની પસંદગી કરવી તેની વિગતવાર સમીક્ષા કરીએ.

12. શાળા નિયંત્રણ શાખાના નીચેના મુદ્દાઓ પર જિલ્લા કક્ષાએ જે અધતન માહિતી હોય તે સાથે રાખી બેઠકમાં ઉપસ્થિત રહેવું.

   A. શાળાની કાયમી નોંધણી બાકી તથા શાળાની માન્યતા / નોંધણી રદ
   B. શાળાના નામ ફેરફાર, વહીવટી ફેરફાર, સ્થળ ફેરફાર
   C. શાળાનો સ્થળ તપાસ અહેવાલ અને શાળાની અનિયમિતતા બાબત

આ ઉપરાંત આપના રચનાત્મક સૂચનો સાથે સમીક્ષા બેઠકમાં જોડાઇએ.

એમ.કે.રાવલ
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

<u>બિડાણ:-</u>

1. માર્ચ/એપ્રિલ-2022ની ઉપયોગમાં લીધેલ બ્લોક-બિલ્ડીંગની એકસેલ સીટ
2. માર્ચ/એપ્રિલ-2022ની ઉપયોગમાં લીધેલ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની યાદી
3. માર્ચ/એપ્રિલ-2022 પરીક્ષામાં 0 થી 5 ટકા પરિણામ મેળવનાર શાળાઓની યાદી
4. માર્ચ/એપ્રિલ-2022 કેન્દ્ર અને કેન્દ્રમાં સમાવિષ્ટ શાળાઓની યાદી
5. માર્ચ/એપ્રિલ-2022માં 200 થી ઓછી સંખ્યા અને બે થી ઓછી શાળાઓ ધરાવનાર કેન્દ્રોની માહિતી

સવિનય નકલ રવાના જાણ સારું:-

1. માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર
2. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર